RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૪૨ તા.૩૦–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૪–૧૦ –૧૧ની અરજીથી તા. ૪–૧૨–૧૦ના રોજ જુનિ.ઈજનેર જે.કે.પટેલના અહેવાલના અનુસંધાને થયેલ કાર્યવાહીની વિગતો મેળવવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત પત્રના પહેલા પેરેગ્રાફમાં લખેલ સીલ મારતી વખતના ફોટોગ્રાફસની કલરમાં નકલો આપશો વિ.મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૨/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૪–૧૦–૧૧ની અરજીથી તા. ૪–૧૨–૧૦ ના રોજ જુનિ.ઈજનેર જે.કે.પટેલના અહેવાલના અનુસંધાને થયેલ કાર્યવાહીની વિગતો મેળવવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત પત્રના પહેલા પેરેગ્રાફમાં લખેલ સીલ મારતી વખતના ફોટોગ્રાફસની કલરમાં નકલો આપશો વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે દફતરી વિગત નકલ સહ સ્પષ્ટ કરવા તથા તા. ૪–૧૨–૧૦ના જુનિ.ઈ.ના અહેવાલની નકલ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૩૫ તા.૧૪–૧૨–૧૧થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન) તથા અરજદારને તા. ૪–૧૨–૧૦ના જુનિ.ઈ.ના અહેવાલ સંદર્ભે માહિતી માંગેલ હોય તેની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતિ અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૦૯ તા.૨૭–૧૨–૧૧ થી નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/૧૩૮૬ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૦૯ તા.૨૮–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૪–૧૦–૧૧ ની અરજીની બાબત હેઠળની માહિતિ માંગતી અરજી વરાછાઝોનને કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૩૦–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે અરજીમાં તા. ૪–૧૨–૧૦ના રોજ જુનિ.ઈજનેર જે.કે.પટેલના અહેવાલના અનુસંધાને થયેલ કાર્યવાહીની વિગતો મેળવવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત પત્રના પહેલા પેરેગ્રાફમાં લખેલ સીલ મારતી વખતના ફોટોગ્રાફસ ની કલરમાં નકલો આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમણે માંગેલ માહિતી વરાછાઝોનની કચેરીએથી જરૂરી ફી રૂા.૧૬૮/– ભર્યેથી ઉપલબ્ધ થશે. તેવુ સમય અવધિ બાદ જણાવેલ. મુદ્દા નં.૨ ઝોન કચેરી ધ્વારા મિલ્કતને સીલ માર્યા બાદ પણ મિલ્કતધારક ધ્વારા વિના મંજુરીએ સીલ ખોલી નિયમોનું ઉલ્લંઘન કરનાર મિલ્કતધારક વિરૂધ્ધ ઈ.પી.કો. પીનલ કોડ હેઠળ મ્યુ. કોર્ટમાં જે કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો આપવા તથા આ કાર્યવાહી હમણાં કયા સ્ટેજ પર છે તેની માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમણે માંગેલ માહિતી મુજબની કોઈ કાર્યવાહી વરાછાઝોનથી કરવામાં આવેલ હોય તેની કોઈ વિગત વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. મુદ્દા નં.૩ તા. ૪–૧૨–૧૦ ના રીપોર્ટ અંગે મે. એડી.સીટી ઈજનેરશ્રીએ જે હુકમ કર્યો હોય તે હુકમનામાની નકલ આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે માંગેલ માહિતી વરાછાઝોન ખાતે જરૂરી ફી રૂા.૨/– ભર્યેથી ઉપલબ્ધ થશે. તેવું જણાવેલ. અરજદારને અત્રેના પત્રથી તા. ૪–૧૨–૧૦ના જુનિ.ઈ.ના અહેવાલ સંદર્ભે માહિતી માંગેલ હોય તેની નકલ રજૂ કરવા જણાવેલ. પરંતુ તેઓ તરફથી કોઈ વિગત રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૪–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિબાદ નાણાં ભરવાનો પત્ર પાઠવેલ હોઈ આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી માહિતી પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન) ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ ,